Gujarati

# કેનેડામાં આવનાર આગંતુકોની જરૂરિયાતોને વધુ સારી રીતે જાણવા માટે માહિતી એકત્ર કરવી



કેનેડાનું નાગરિકત્વ અને પરદેશી વસાહતી (Citizenship and Immigration Canada / Citoyenneté et Immigration Canada (CIC)) કેનેડામાં સ્થાઈ થનાર, વસવાટ કરવા આવનાર પરદેશી અને શરણાર્થીને મદદ કરે છે. આમ કરવા માટે, અમે સમગ્ર દેશમાં સંસ્થાઓને આગંતુકોને ભાષાની તાલીમ અને કારકિર્દી પરામર્શની સેવાઓ પૂરી પાડવા માટે ફંડ આપીએ છીએ. આગંતુકોને અમે સાચી સેવાઓ આપી રહ્યા છીએ એ વાતની ખાતરી કરવા માટે અમારે તમારી મદદની જરૂર છે.

સીઆઈસી–ફંડથી ચાલતી સંસ્થા જે તમને આ સેવાઓ આપે છે, એ તમારી અમુક વ્યક્તિગત માહિતી પુછશે - તમારૂં પૂરૂં નામ, જન્મ તારીખ, અને પરદેશી વસાહતીનો નંબર અથવા પરદેશી વસાહતીના દસ્તાવેજો. અમે તમને વિનંતી કરીએ છીએ કે જ્યારે તેઓ આ માહિતી માંગે ત્યારે તમે તેમને આપો.

તમારી સેવા આપતી સંસ્થા આ માહિતી સીઆઈસીને આપશે. આ પ્રક્રિયા દરમિયાન, અમે તમારી માહિતી ગુપ્ત રાખીશું. તમારી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ અમે અન્ય કોઈ પણ ઉદ્દેશ્ય માટે તમારી સંમતિ વિના નહીં કરીએ. તમને એ વાતનો હક્ક છે કે સેવા આપતી સંસ્થા પાસેથી તમે કોઈપણ સમયે માહિતી જોવા માટે માગી શકો છો.

## શા માટે સીઆઈસી વ્યક્તિગત માહિતી એકત્ર કરે છે

નવા આવનારાઓની ગરજોને સારી રીતે સમજવા સી.આઇ.સી. વ્યક્તિગત માહિતી ભેગી કરે છે. આ માહિતી સાથે અમારાથી ચોક્કસ કરી શકાય કે સેવા આપતી સંસ્થાઓ સારી રીતે કામ કરે છે, અમારી નાણાકીય મદદથી ચાલતી સેવાઓમાં સુધારો કરવાના નિર્ણય કેવી રીતે લઇ શકાય, અને લોકોને એ જણાવવા પણ કરીશું કે અમારા કાર્યક્રમો કેવી રીતે કામ કરે છે. આ બધું સિધ્દ કરવા, તમને લાગતી સેવાઓ અને તમારી વાપરેલી સેવાઓની માહિતીનો એકીકરણ તમારે કેનેડા આવવાની અરજીમાં આપેલી વિગતો સાથે કરીશું.

સેવા આપતી સંસ્થાઓ આ માહિતીનો ઉપયોગ તમને વધુ સારી સેવા આપવા માટે અમારી યોજના અને કાર્યક્રમોને મદદરૂપ થવા માટે કરશે.

એટલે, તમારી માહિતી અમને એ ખાતરી કરવા મદદ કરે છે કે તમારી જરૂરિયાતોને આ સેવાઓ પૂરી કરી.

વધુ માહિતી માટે www.cic.gc.ca/english/department/atip/index.asp જુવો.

© Her Majesty the Queen in Right of Canada, represented by the Minister of Citizenship and Immigration, 2013



## તમારી વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખવામાં આવશે

પરદેશી વસાહતી અને શરણાર્થી સંરક્ષણ અધિનિયમ *(Immigration and Refugee Protection Act / Loi sur l'immigration et la protection des réfugiés)* હેઠળ સીઆઈસીને તમારી વ્યક્તિગત માહિતી એકત્ર કરવાની સત્તા આપવામાં આવી છે, કેનેડીયન ગોપનીયતા કાયદા માટે જરૂરી છે કે સમવાયી સરકાર તમારી વ્યક્તિગત માહિતીનું સંરક્ષણ કરે. તમારી માહિતીનો ઉપયોગ ગોપનીયતા અધિનિયમ *Privacy Act / Loi sur la protection des renseignements personnels)* ની મંજુરી વિના કરવામાં નહીં આવે. વધુ માહિતી માટે http://laws-lois.justice.gc.ca/eng/acts/P-21/page-3.html#h-6 જુવો.

તમે આપેલી વ્યક્તિગત માહિતીને વ્યક્તિગત માહિતી બૅન્ક, એક ડાટાબેસ ટાઈપની બૅન્ક જેને સમાધાન અને સંકલન સેવાઓ *(Settlement and Integration Services / Services d'établissement et d'intégration)* કહેવામાં આવે છે તેમાં સાચવવામાં આવે છે. તેમાં તમે કેનેડામાં વસાહતની અરજીમાં જે માહિતી આપી હતી તે પણ હોય છે. આ બૅન્ક કેનેડા સરકારની માલિકીની છે. સમાધાન અને સંકલન સેવાઓની બૅન્ક (PIB # CIC PPU 062), માં કેવા પ્રકારની વ્યક્તિગત માહિતી હોય છે તે બાબત વધુ જાણવા માટે http://www.cic.gc.ca/english/department/atip/infosource/pibs.asp જુવો.

પોતાની વ્યક્તિગત માહિતીનો સીઆઈસી રેકોર્ડ જાણવા માટે તમે માહિતી-માટે-પ્રવેશની મંજુરી મેળવવા વિનંતી કરી શકો છો અથવા ગોપનીયતા અધિનિયમની વિનંતી કરી શકો છો. વધુ માહિતી માટે www.cic.gc.ca/english/department/atip/index.asp જુવો.